# બિહારને વિશેષ રાજ્યના દરજ્જાની માગણી: સત્તા બચાવવાનો રસ્તો શોધી રહ્યા છે નીતીશકુમાર



**રાજકારણમાં** કંઈ પણ થઈ શકે છે. એક સમયના દુશ્મન સત્તા માટે મિત્ર બની જતા હોય છે તો એક જ થાળીમાં સાથે જમનારા એકબીજાની સામે થઈ જતા હોય છે. આવી બાબત રાજકારણમાં સામાન્ય છે, પરંતુ આવું કેટલી વખત થઈ શકે? જેડીયુના સર્વેસર્વા અને બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમાર માટે કોઈ પણ પક્ષ સાથે છેડો ફાડવો અને કોઈ પણ પક્ષ સાથે યુતિ કરી લેવી એ સાવ સામાન્ય બાબત છે. જેટલી ઝડપથી લોકો પોતાના કપડાં નથી બદલતાં એના કરતાં વધુ ઝડપથી નીતીશકુમાર પોતાના સાથીઓ બદલે છે તેવું નીતીશકુમાર માટે કહેવાય છે. તાજેતરમાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એવું નિવેદન આપ્યું હતું કે ભારતમાં ગઠબંધન સરકાર ચલાવવામાં ભારતીય જનતા પાર્ટી સૌથી માહિર છે. સ્વ. અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં કેન્દ્રમાં એ સિવાય મહારાષ્ટ્ર, ગોવા જેવા રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી ગઠબંધનની સરકાર ધરાવે છે અને ચલાવે પણ છે. મોદીના આ નિવેદન બાદ ભારતીય જનતા પાર્ટીને સત્તા મેળવવા માટે પનો ટૂંકો પડશે તેવો સંદેશ વાયરલ થયો છે. આ સંદેશ વાયરલ થતાં જ નીતીશકુમાર પણ સળવળ્યા છે. ઓડિશામાં આવેલા ફોની વાવાઝોડાંની અસર બાદ નવીન પટનાયકે ઓડિશા માટે વિશેષ પેકેજની માગણી કરી છે. આ અગાઉ ઓડિશા અને બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવામાં આવે તેવી માગણી અગાઉ થઈ ચૂકી છે. પટનાયક એનડીએના ઘટક પક્ષ નથી આથી તે આવી માગણી મૂકી શકે છે અને જરૂર પડે તેમનો સહકાર મેળવવા માટે મોદી તેમની માગણી મંજૂર પણ કરે તેવી શક્યતા છે, પરંતુ નીતીશકુમાર તો એનડીએ સાથે જોડાયેલા છે. વળી હવે ચૂંટણીનો અંતિમ તબક્કો જ બાકી છે અને ૫૯ બેઠકોમાંથી બિહારમાં માત્ર આઠ બેઠક પર જ ચૂંટણી બાકી છે ત્યારે ભાજપ પર આવું દબાણ લાવવાનો કોઈ અર્થ સરતો નથી. બીજું આ સમયે આ માગણી વાજબી પણ નથી. હવે આવી કોઈ પણ માગણી કેન્દ્ર આવનારી નવી સરકાર હસ્તક જ હશે તો અત્યારે આ માગણીની જરૂર શું? નીતીશકુમાર હોંશિયાર છે, મોદી અને ભાજપના નેતાઓના બદલાયેલા બોલ જોઈને તેઓ પાણી પહેલાં પાળ બાંધવા માગે છે. ન કરે નારાયણ અને જો એનડીએનો પનો ટૂંકો પડે અને બીજે ક્યાંયથી ભાજપને સમર્થન ન મળે તો? તો તો નીતીશકુમારનું આવી બને અને લાલુ એન્ડ કંપની બિહારમાં પણ તેમને અડપલું કરી શકે એવું તે સુપેરે જાણે છે. એટલે જ આવી પરિસ્થિતિમાં જો ફરી પાછી પલટી મારવી હોય તો કોઈક કારણ તો જોઈએ જ. આથી જો બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની વાત કરે તો આ મુદ્દે એનડીએમાંથી બહાર નીકળવું કે ન નીકળવું એનો નિર્ણય પરિણામ આવ્યા પછી લઈ શકાય. આમ કરીને જે બાજુ વજન હોય તે બાજુ નમી શકાય એવી ગણતરી નીતીશકુમારે કરી લીધી હોય તે વાજબી છે. બાકી ચૂંટણીના અંતિમ તબક્કા સમયે કોઈ રાજ્યના મુખ્ય પ્રધાન પોતાના રાજ્ય માટે વિશેષ રાજ્યના દરજ્જાની માગણી કરે તે વાત ગળે ઊતરે તેવી નથી. ભાજપ પણ આ વાત જાણે છે, પરંતુ હાલના તબક્કે નીતીશકુમારને છેડવો એ તેમના હિતમાં નથી. આમ રાજકારણમાં સૌ પોતપોતાનો રોટલો શેકવા માટે કંઈ પણ કરી શકે છે તેનું આ તાજું ઉદાહરણ છે.

એક્સ્ટ્રા અફેર | રાજીવ પંડિત
rajeev.pandit@bombaysamachar.com

## બંગાળમાં રાજકીય પક્ષોની ગુંડાગીરી દેશના હિતમાં નથી જ

**લોકસભાની** ચૂંટણીમાં આવતા રવિવારે છેલ્લા તબક્કાનું મતદાન છે પણ એ પહેલાં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે બરાબરની જામી છે. ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે લાંબા સમયથી જામેલી જ છે પણ મંગળવારે કોલકાતામાં અમિત શાહના રોડ શોમાં થયેલા રમખાણના કારણે યુદ્ધનો નવો કાંડ શરૂ થઈ ગયો. મંગળવારે અમિત શાહે કોલકાતામાં જોરદાર શક્તિપ્રદર્શન કરતાં મોટી સંખ્યામાં માણસ ખડકી દીધેલું ને જોરદાર રોડ શો કરેલો. આ રોડ શો કોલકાતા યુનિવર્સિટી પાસેથી પસાર થતો હતો ત્યારે બબાલ શરૂ થઈ ને રીતસરની ધમાધમી થઈ ગઈ. તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો ને ભાજપના કાર્યકરો સામસામે આવી ગયા ને રીતસરના ગુંડાઓની જેમ ઝઘડ્યા. આ લડાઈનું અંતિમ પરિણામ એ આવ્યું કે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાની તોડફોડ કરીને તેને જમીનદોસ્ત કરી દેવાઈ.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બંગાળે પેદા કરેલા મહાન સપૂતોમાં એક છે. વિદ્યાસાગરનું યોગદાન ઘણાં બધાં ક્ષેત્રોમાં છે ને તેમના પર કોઈ એક વ્યવસાયના ખાં હોવાનો સિક્કો લગાવી શકાય તેમ નથી. બંગાળમાં ઓગણીસમી સદીમાં સુધારાની ચળવળ શરૂ થઈ તેમાં જે લોકો અગ્રેસર હતા તેમાં એક વિદ્યાસાગર હતા. વિદ્યાસાગરે બંગાળી સાહિત્યથી માંડીને સમાજ સુધારણા સુધીનાં ક્ષેત્રોમાં કામ કર્યું ને એવું કામ કર્યું કે, આજેય લોકો તેમને પ્રેમથી યાદ કરે છે. બંગાળમાં શિક્ષણને નવી ઊંચાઈ આપવામાં વિદ્યાસાગરે બહુ કામ કર્યું તો સમાજમાં વિધવાઓની હાલત સુધારવા માટે પણ એ આખી જિંદગી મચી પડેલા.

બ્રિટિશ સરકાર પર દબાણ કરીને તેમણે વિધવાઓ પુનર્લગ્ન કરી શકે તેવો કાયદો પસાર કરાવેલો. વિદ્યાસાગરે બંગાળી લિપિને વધારે સરળ બનાવી. એ સિવાય બોલચાલની અને લેખનમાં વપરાતી બંગાળી ભાષાને સરળ બનાવવાનું પુણ્યકાર્ય પણ તેમણે કર્યું. બંગાળીમાં પ્રિન્ટિંગની શરૂઆત કરાવનારા મહારથી પણ વિદ્યાસાગર જ હતા. વિદ્યાસાગરના યોગદાન વિશે વાત કરવા બેસીએ તો પાર જ નહીં આવે. ટૂંકમાં વાત એટલી જ છે કે, વિદ્યાસાગર આધુનિક બાંગ્લા સંસ્કૃતિના પાયાના પથ્થરોમાંના એક છે ને રાજકીય ગુંડાગીરીના કારણે તેમની પ્રતિમાને જમીનદોસ્ત કરી દેવાઈ. આ રમખાણની શરૂઆત કોણે કરી એ વિશે મતમતાંતર છે. ભાજપ મમતાના માણસોને તેના માટે જવાબદાર ઠેરવે છે તો મમતા ભાજપના કાર્યકરોને દોષિત ગણાવે છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે તો આ મુદ્દે પત્રકાર પરિષદ કરીને મમતાદીદી અને તૃણમૂલ કોંગ્રેસ પર બેફામ આક્ષેપો કર્યા. શાહે મમતાદીદીના ગુંડા એવા શબ્દો વાપર્યા ને એવો દાવો પણ કર્યો કે, મમતાના ગુંડા તો મને પતાવી દેવા જ માંગતા હતા ને સીઆરપીએફના જવાનો હાજર ના હોત તો હું સદેહે તમારી સામે હાજર જ ના હોત.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમા મમતાના ગુંડાઓએ તોડી હોવાનો આક્ષેપ પણ શાહે કર્યો ને પછી દોષનો ટોપલો ભાજપ પર ઢોળી દીધો કે જેથી ભાજપની આબરૂનો ધજાગરો થાય. મજાની વાત એ છે કે, શાહ સાહેબે મમતાદીદીની સાથે સાથે ચૂંટણી પંચને પણ લપેટમાં લઈ લીધું. તૃણમૂલ કોંગ્રેસ રીતસરની ગુંડાગીરી કરે છે ત્યારે ચૂંટણી પંચ તમાશો જોઈ રહેવા સિવાય કંઈ કરતું નથી એવો આક્ષેપ કરીને શાહે મમતા બેનરજી પર પ્રતિબંધ મૂકવાની માગણી પણ કરી નાંખી. અમિત શાહ પોતાની વાતના સમર્થનમાં ત્રણ ફોટા લઈને આવેલા. એ ફોટા પણ તેમણે મીડિયાને બતાવ્યા. અમિત શાહે કહેવામાં કંઈ બાકી ના રાખ્યું પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંતોષ નહીં થયો હોય એટલે તેમણે પણ મમતાદીદીને લઈ પાડ્યાં. મોદીના કહેવા પ્રમાણે તો બંગાળ કરતાં તો જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી વધારે શાંતિથી થઈ છે.

અમિત શાહના આક્ષેપો સામે મમતાની પાર્ટીએ પણ સામે એ જ પ્રકારની રેકર્ડ વગાડી. અમિત શાહે ત્રણ ફોટા મીડિયાને બતાવેલા તો તૃણમૂલ કોંગ્રેસ ટોપલો ભરીને વીડિયો લઈને હાજર થઈ ગઈ. ભાજપે ગુંડાગીરી કરી છે એવું સાબિત કરવા તૃણમૂલ કોંગ્રેસે એકસામટા ૪૦ વીડિયો રમતા મૂકી દીધા છે. મમતા વતી હાજર થયેલા ડેરેક ઓ'બ્રાયને આક્ષેપ કર્યો કે, અમિત શાહ પોતાના રોડ શો માટે ગુંડાઓને લઈને આવેલા તેમાં આ મોકાણ મંડાઈ. બંગાળી સંસ્કૃતિની જેમને ગતાગમ નથી એવા આ ગુંડાઓએ કોલકાતા યુનિવર્સિટીમાં ઘૂસીને વિદ્યાર્થીઓને ઝૂડી નાંખ્યા ને પછી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાને પણ તોડી નાંખી એવો આક્ષેપ પણ તેમણે કર્યો. ભાજપની જેમ તૃણમૂલ કોંગ્રેસે પણ ચૂંટણી પંચમાં રાવ નાંખવાનું એલાન કરી દીધું છે. મમતાની પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ તો પોતાનાં ટ્વિટર એકાઉન્ટમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની તસવીર મૂકીને છેલ્લા તબક્કામાં રાજકીય ફાયદો લેવાનો દાવ પણ ખેલી નાંખ્યો છે.

ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસમાંથી કોણ સાચું બોલે છે તે આપણને ખબર નથી. બંને એકબીજાને ગુંડા ચીતરવામાં પડ્યા છે ને બંને પોતપોતાની પાસે પુરાવા હોવાનો દાવો કરે છે. અત્યારે ટેકનોલોજીનો જમાનો છે ને તમે ધારો એવા પુરાવા મિનિટોમાં ઊભા કરી શકો. કોઈને ફિટ કરી દેવા માટે ખોટા ફોટા ઊભા કરવા કે વીડિયો બનાવવા એ અત્યારે ડાબા હાથનો ખેલ છે. તેમાં પણ રાજકીય પક્ષો માટે તો આ રોજનો ધંધો છે એ જોતાં બંનેના પુરાવા પર ભરોસો કરી શકાય એમ નથી. બંને ચૂંટણી પંચને ભાંડે છે ને ચૂંટણી પંચ તમાશો જોઈ રહેવા સિવાય કશું કરતું નથી એવું કહે છે. બે આખલાની લડાઈમાં ઝાડનો ખો નીકળે એવી ચૂંટણી પંચની હાલત છે. ભાજપ મમતા પર બંગાળની સરકારી મશીનરીનો દુરુપયોગ કરવાનો આક્ષેપ મૂકે છે તો મમતાનું કહેવું છે કે, ભાજપે અર્ધલશ્કરી દળોને ભાજપની તરફેણમાં મતદાન કરાવવાના ધંધે લગાડી દીધાં છે. બંનેએ એકબીજા સામે બીજા પણ ઘણા આક્ષેપો કર્યા છે. વાસ્તવમાં આ આક્ષેપબાજીનો કોઈ અંત નથી ને ચૂંટણી પતે એ પછી પણ તેનો અંત આવવાનો નથી.

ભાજપ ને તૃણમૂલ કોંગ્રેસ બંને ભલે એકબીજા પર દોષારોપણ કરતાં પણ આ જે કંઈ થઈ રહ્યું તે માટે બંને જવાબદાર છે જ. મમતા બેનરજીએ સામ્યવાદીઓને બંગાળમાંથી હાંકી કાઢવા ગુંડાગીરીનો આશરો લીધેલો. સામ્યવાદીઓ ગુંડાગીરી કરીને જ બંગાળમાં જામી ગયેલા ને કોઈને હાથ નહોતા મૂકવા દેતા. જોકે તેમને મમતા બેનરજી એકદમ માથાનાં મળ્યાં. મમતા મૂળ કોંગ્રેસી હતાં પણ બંગાળમાં કોંગ્રેસીઓ સાવ પોચટ હતા ને એ જ પ્રકારનું રાજકારણ ચલાવતા. સામ્યવાદીઓ સામે બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જતા. મમતા બેનરજીએ સામ્યવાદીઓની ગુંડાગીરી સામે ગુંડાગીરીનો જ રસ્તો અપનાવીને ડાબેરીઓને ઘરભેગા કરી નાંખ્યા ને બંગાળમાં પોતાનો સિક્કો જમાવી દીધો. હવે ભાજપ મમતાને ઉખાડી ફેંકવા માટે મેદાનમાં આવ્યો છે ત્યારે આટલી મહેનતે ઊભું કરેલું સામ્રાજ્ય મમતા આસાનીથી જવા દે એ વાતમાં માલ નથી. મમતા એકદમ જીવ પર આવી ગયાં છે કેમ કે તેમના માટે આ અસ્તિત્વની લડાઈ છે. ભાજપ ફાવી ના જાય એ માટે કશું કરવામાં તેમને છોછ નથી તેથી તેમણે સરકારી મશીનરી ને પોતાના ગુંડા બંનેને છૂટો દોર આપ્યો છે.

ભાજપ માટે પણ આ ખરાખરીનો જંગ છે. ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને સાફ કરી નાંખી હતી પણ થોડાંક રાજ્યોમાં તેનો પત્તો નહોતો લાગ્યો. બંગાળ તેમાં એક હતું ને મમતા બેનરજીએ ભાજપને ધૂળચાટતો કરેલો. એ વખતે ભાજપને એમ હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં મમતાને હરાવીને હિસાબ સરભર કરી દઈશું પણ એવું ના થયું. બલ્કે મમતા વધારે બેઠકો જીતીને પાછાં ગાદી પર બેઠાં. મમતા પણ આ જીત પછી તાનમાં આવી ગયાં ને ભાજપવાળાને ભાજીમૂળો જ સમજવા માંડ્યાં છે. ભાજપે બીજાં રાજ્યોમાં વિરોધીઓને દબાવી દેવા માટે જે રસ્તા અપનાવ્યા એ જ બધા રસ્તા મમતા અજમાવે છે. તેના કારણે ભાજપવાળા વધારે ભૂરાંટા થયા છે. મમતાને પોતે હરાવી શકતા નથી તેના કારણે હાંસી થાય છે તેથી ભાજપના ધુરંધરોનો અહમ્ પણ ઘવાયો છે. આ બધા કારણે એ લોકો પણ મમતાને તેમના જ રસ્તે એટલે કે ગુંડાગીરી કરીને પછાડવા મથે છે.

ગુંડાગીરીના આ જંગમાં કોણ જીતશે તે ખબર નથી પણ આ બધું દેશના હિતમાં નથી. સત્તા માટે ગુંડાગીરીનો રસ્તો અપનાવવો ખતરનાક છે, કેમ કે આ ગુંડાગીરી ચૂંટણી સાથે ખતમ થતી નથી. જે પક્ષ જીતે તેના ગુંડા પછી બેફામ બનતા હોય છે ને તેની કિંમત સામાન્ય લોકોએ ચૂકવવી પડે છે. બધો ભાર અંતે કન્યાની કેડ પર આવે છે. બિહાર, ઉત્તર પ્રદેશ જેવાં મોટાં રાજ્યોમાં તેના કારણે જ જંગલરાજની સ્થિતિ છે. બંગાળ પણ વરસોથી એ જ રસ્તે છે ને બંગાળનું જોયા પછી બીજાં રાજ્યોમાં પણ રાજકીય પક્ષો આ જ રસ્તો અપનાવશે એ બહુ મોટો ખતરો છે.

મુખ્બિરે ઈસ્લામ | અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

## પવિત્ર રમઝાનમાં બોધ આપનારી એક દૃષ્ટાંતિક કથા

**રાજદરબારમાંથી** એક શખસને તેડું આવ્યું. દરબારી તેડું એટલે કંઈ અનિષ્ટ થવાના એંધાણ. તે થરથરી ગયો. તેડામાંથી છૂટકારાના ઉપાયો શોધવા લાગ્યો. વ્યાકૂળ મને તે એક મિત્રને સહાયાર્થે મળવા ગયો. આ મિત્રની મિત્રાચારીમાં તેણે લગભગ જીવન ખર્ચી નાખ્યું હતું. મિત્રને દરબારી તેડા વિશે વાત કરી. મિત્ર કહે હું મારા કામમાં અતિ વ્યસ્ત છું. તારી સાથે આવવા સમય ફાળવી શકું તેમ નથી, પરંતુ હમણાં મેં નવા વસ્ત્રો સીવડાવ્યા છે તે તને અર્પણ કરું છું. રાજા સમક્ષ ઉપસ્થિત થયા ત્યારે પહેરજે. નિરાશ થઈ તે બીજા મિત્ર ભણી વળ્યો. તેણે આ મિત્રને પણ વાત દોહરાવી. બીજા મિત્રે જવાબમાં સહાનુભૂતિ દર્શાવી અને સાથે ન આવવા મજબૂરી વ્યક્ત કરી. નાસીપાસ થઈ તે ત્રીજા મિત્ર તરફ વળ્યો. આ મિત્ર જોડે ગાઢ સંબંધ નહોતો તેને મિત્ર નહીં પણ પરિચિત કહી શકાય. ક્યારેક જ મળવાનું થતું હોઈ, સહાય યાચતા સંકોચ થતો હતો, પરંતુ ડૂબતો જણ તણખલું પકડેની ઉક્તિ મુજબ તેણે એ પરિચિતનો સંપર્ક સાધ્યો. આ પરિચિતે તેને સાંત્વના અને હિંમત બંધાવી અને પોતે તેની સાથે નિરંતર રહેવાની પ્રતિબદ્ધતા બતાવી તેમ જ આપત્તિજનક હોય તો તેનું નિરાકરણ કરવામાં સહાયનું વચન આપ્યું.

આ દૃષ્ટાંત કથા છે. દરબારી તેડું યમદૂત હતું. તેના આગમનથી સર્વ કોઈ શિથિલ થઈ જાય. નજીવા જીવ-જંતુ અને માણસથી લઈ મહાકાય જલ-જમીન પશુઓ જીવાદોરી લંબાવવા વલખા મારે. તેનો પહેલો મિત્ર ધન હતો અને વસ્ત્ર કફન હતું. યેન-કેન પ્રકારે એકઠું કરેલું ધન માત્ર એક કપડાનો ટુકડો સાથે લઈ જવા આપે તેને પ્રાપ્ત કરવા જીવન ઘસી નાખીએ છીએ. તેને પ્રાપ્ત કરવો જીવનનો ધ્યેય બની જાય છે. બીજું મિત્ર સંતાન હતું. જે કબ્ર સુધી પહોંચાડી દે અને પાછો વળી જાય, તે સાથે ન આવી શકે. અહીં એક વાર્તા છે. એક વટેમાર્ગુને ચાલતા ચાલતા સાંજ પડી ગઈ. તે થાકથી લોથપોથ થઈ ગયો હતો. માર્ગમાં એક કબ્રસ્તાનનું છાપરું જોતાં ત્યાં રાતવાસો કરવાનો નિર્ણય કર્યો. રાત થતા નિદ્રાધીન થઈ ગયો. ઊંઘમાં તેણે એક સપનું જોયું. કબ્રસ્તાનની બધી જ કબરો એકાએક ખુલી ગઈ અને તેમાંથી મૃતકો કફનભેર ભાગ્યા. થોડા સમય પછી બધા પાછા આવ્યા કેટલાકના મુખારવિંદ હર્ષિત હતા. તેમની ચાલમાં જીવ હતો. કફન પરથી સુગંધ પ્રસરી રહી હતી અને તેના પર પુષ્પો લાગેલા હતા. કેટલાકના પર નિરાશા અંકિત હતી. તેઓ ઢસળાતા ચાલતા હતા. કફન પ્રદૂષિત હતા. વટેમાર્ગુએ આનું કારણ પૂછતાં પ્રત્યુત્તરમાં જણાવવામાં આવ્યું કે આજે જુમ્મા (શુક્રવાર)ની રાત્રે બધા મૃતકો પોતાના સ્વજનો, સંબંધીઓને ઘરે જાય છે. જે મૃતકોના સ્વજન તેને ફાતેહા અર્પે છે અને તેના નામે દાનધર્મ કરે છે તે ખુશ થઈ પાછા ફરે છે અને જે મૃતકોના સ્વજન તેમને યાદ કરતા નથી તે નિરાશ વદને પાછા ફરે છે. સંતતિ જીવ્યે જાણે અને મૃત્યુ પછી ખેવના કરે તે વરદાન સમાન. આ ભાઈનો ત્રીજો મિત્ર સુકર્મો એટલે કે નેકી કરનારો હતો. ભલાઈ નિરંતર સાથે જ રહે છે. કોઈનો ક્યાશ કાઢવા તેની 'પાસે' શું છે તે જોવાય છે. દાખલા તરીકે જર-જમીન, માલોદૌલત વગેરે. પરંતુ નિર્ણાયક દિને 'પાસે' શું હતું તે નહીં પણ 'સાથે' શું છે પૂછવામાં આવશે. સાથે સુકર્મો જ આવશે. પ્રતિદિન નેકીની પોટલીમાં કંઈક ઉમેરતા રહેવું.

એક કબ્રસ્તાનના દરવાજા પાસે લખેલ આ પંક્તિઓ મોમીન બંદાને નસિહત (બોધ) આપનારી બની રહેવા પામશે.

મંઝિલ તો તેરી યહી થી
જિંદગી ગુજાર દી યહાં આતે આતે
ક્યા મિલા તુજે તેરી દુનિયા સે?
અપનોને હી દફના દિયા જાતે જાતે

વ્હાલા વાચક મિત્રો! વર્ષના ત્રણસો પાંસઠ દિવસ બોધ આપનારી આ દૃષ્ટાંત કથા ખાસ કરીને અત્યારે ચાલી રહેલા રમઝાન મુબારકમાં રોજ એક વખત વાંચી દિવસનો પ્રારંભ કરશો. બારે માસ, જિંદગી જ્યાં સુધી હશે ત્યાં સુધી માર્ગદર્શક બની રહેવા પામશે. આમીન. **- આબિદ લાખાણી**

* * *

**છેતરનારો વૈભવ**

'આ દુનિયાની જિંદગી એક છેતરનાર વૈભવ સિવાય બીજું કશું નથી.'
**(પવિત્ર કુરઆન)**

## પ્રજામત

### એકલું શિક્ષણ જવાબદાર નથી નકારાત્મકતા માટે

શિક્ષણ, બેરોજગારી અને તેમાંથી વૃદ્ધિ પામતી નકારાત્મકતા તથા એની ચંગૂલમાં સપડાયેલો યુવાવર્ગ એ જ વર્તમાન વાસ્તવિકતા છે. અપિતુ આ પરિસ્થિતિ માટે કેવળ શિક્ષણ અને શિક્ષણ પદ્ધતિને જ જવાબદાર માની ન શકાય. હાલની પરિસ્થિતિ માટે શિક્ષણની સાથે તેને પ્રાપ્ત કરનારો વિદ્યાર્થીવર્ગ, તેમનો પાલકસમૂહ, તેમની માનસિકતા તથા દૃષ્ટિકોણ, આ બધાનું આ એકત્રિત પરિણામ છે, તે તો માનવું જ પડશે.

અનિચ્છાએ એકાદી કારકિર્દીની શાખા પસંદ કરવી જેમાં માનસિક પ્રસન્નતા અથવા રુચિ ગેરહાજર હોય એ તો ઘાતક કહેવાય. કાળાનુસાર શિક્ષણ લેવાથી તેની માગણી વધે છે. શિક્ષણ મેળવવું એ મનઃપૂર્વક ન સ્વીકારાય તો ડિગ્રી તો મળે પણ એનો ઉપયોગ નથી.

– પ્રિન્સિ. કુંવરજી અને
અનસૂયા બારોટ
આરટીઓ પાસે, અંધેરી (પ),
મુંબઈ – ૪૦૦૦૫૩.

### દેશની મહિલાઓને એનિમિયાથી મુક્ત કરાવો

આપણા દેશમાં ખાસ કરીને ગુજરાતમાં સૌરાષ્ટ્ર-કચ્છ જેવા વિસ્તારમાં હિમોગ્લોબિનની ખામીની સમસ્યાઓ જોવા મળે છે. જેને કારણે ૫૦ ટકા મહિલાઓમાં લોહીની અછત જોવા મળે છે, જેને કારણે એનિમિયા જેવા રોગ જોવા મળે છે.

દર વરસે એનિમિયાના દર્દીઓની સંખ્યામાં ૧૦ લાખનો વધારો જોવા મળે છે. જે મહિલા એનિમિયા થયો હોય તેના હૃદયના ધબકારા વધી જાય છે. શારીરિક નબળાઇ જોવા મળે. કામ કરતા ચક્કર આવી જાય, થાક લાગી જાય. માથાનો દુખાવો ધીમે ધીમે વધતો જાય વગેરે તકલીફો થયા કરે છે.

તાજેતરના નેશનલ ફેમિલી સર્વે અનુસાર ગુજરાતમાં મહિલાઓને એનિમિયા થતો હોવાનું જોવા મળે છે, જેમાં કચ્છમાં ૬૧:૧ ટકા, સુરેન્દ્રનગરમાં ૬૧:૯, જામનગરમાં ૬૩ : ૮ ટકા, અમરેલીમાં ૫૫:૫ , જૂનાગઢમાં ૫૯ : ૭ ટકા અને રાજકોટમાં ૫૩ : ૬ ટકા જામનગરમાં ૬૩:૮ ટકા

મહિલા એનિમિયાથી પીડિત છે. આવી મહિલાઓએ ખોરાકમાં ગોળ, બીટ, ટમેટા, પાલક, કઠોળ, દાળ, ચણા અને સોયાબીન, મશરુમ, અળસી જેવા લોહ તત્ત્વથી ભરપૂર ખોરાક લેવો જોઇએ.

વહેલી તકે સારવાર આ મહિલાઓને આપવી જોઇએ.

– હંસાબહેન ઘનશ્યામ ભરુચા
વિરાર.

### આતંકવાદનો મુકાબલો

અમેરિકાએ આતંકવાદના સૂત્રધાર ઓસામા બિન લાદેનને શોધવા અથાગ પ્રયત્નો કરી તેનો ખાત્મો બોલાવવાની સુંદર યોજના સફળતાપૂર્વક કરી અને તેના દેહને સમુદ્રમાં ફગાવી દીધો.

આ સમર્થ રાષ્ટ્ર સામે ન તો ઈસ્લામી દેશોએ, કોઇ ઊહાપોહ ન કર્યો.

આવું જ ભગીરથ કાર્ય નરેન્દ્ર મોદી સરકારે પણ કર્યું છે. ઍર સ્ટ્રાઇક સફળતાપૂર્વક ભારતીય હવાઇ દળે પાર પાડી. આપણી રાજદ્વારી ચાલ પાકિસ્તાનને ચેતવણી માટે હતી અને આતંકીઓના સંસ્થાન અને તેઓને નષ્ટ કર્યા, પરંતુ બેશરમ પાકીસ્તાન થોડું કબૂલ કરે?

ઓછામાં પૂરું આપણા દેશના વિરોધીઓએ ફક્ત નરેન્દ્ર મોદી તથા હવાઇદળની કાર્યવાહી પર શંકા કરી જેનો પ્રચાર આજ દિન સુધી ચાલુ છે. આવો વિવાદ કરવો અને શંકા કુશંકાઓ રાષ્ટ્રીય કરવી તદ્દન અયોગ્ય છે.

લશ્કર અને તેના શૌર્યની ઝડપી કાર્યવાહી બદલ પ્રશંસાના બે શબ્દો પણ બોલી ન શકાય? આ કેટલું શરમજનક છે. દેશના હિત ખાતર ઈશ્વર તેઓને સદ્બુદ્ધિ આપે.

– મહેન્દ્ર પ્રા.લોઢવિયા
૩ જો રસ્તો, સાંતાક્રુઝ(પૂર્વ),
મું– ૪૦૦ ૦૫૫.

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા મિત્રોને ખાસ વિનંતી કે ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ અને ટેલિફોન અથવા મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈડી નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મ ઋતુ)
ગુરુવાર, તા. ૧૬-૫-૨૦૧૯, પ્રદોષ

● ભારતીય દિનાંક ૨૬, માહે વૈશાખ, શકે ૧૯૪૧ ● વિક્રમ સંવત ૨૦૭૫, શા. શકે ૧૯૪૧, વૈશાખ સુદ-૧૨ ● જૈન વીર સંવત ૨૫૪૫, માહે વૈશાખ સુદ-૧૨ ● પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૮૮ ● પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૮૮ ● પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૮૮ ● મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૦ ● મીસરી રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૦ ● નક્ષત્રઃ ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૫ સુધી (તા. ૧૭મી), પછી સ્વાતિ ● ચંદ્રઃ કન્યામાં સાંજે ક. ૧૬-૫૬ સુધી, પછી તુલામાં ● ચંદ્ર રાશિ પર જન્માક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર.ત.) ● સૂર્યોદય : મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮ સ્ટા. ટા. ● સૂર્યાસ્ત : મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩ સ્ટા. ટા. ● મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતી : સવારે ક. ૧૦-૧૪, રાત્રે ક. ૨૨-૨૫ ● ઓટ : બપોરે ક. ૧૬-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૩ (તા. ૧૭) ● વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૫, 'સાધારણ' નામ સંવત્સર, શાલિવાહન શક ૧૯૪૧, 'વિલંબી' નામ સંવત્સર. વૈશાખ શુક્લ દ્વાદશી. (ત્રયોદશી ક્ષય તિથિ છે). પ્રદોષ. શ્રી વિમલનાથ ચ્યવન કલ્યાણક, શ્રી અજિતનાથ ચ્યવન કલ્યાણક. ● શુભાશુભ દિન શુદ્ધિઃ શુભકાર્ય વર્જ્ય છે ● મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ, અનુષ્ઠાન, શિવ-પાર્વતી પૂજા, મંત્રજાપ, રુદ્રાભિષેક, શિવપંચાક્ષર મંત્ર જાપ, રાત્રિ જાગરણ, સંધ્યા સમયનો પ્રવાસ મગની દાળ ખાઈ પ્રારંભવો, નિત્ય થતા દુકાન, વેપાર, દસ્તાવેજ, ખેતીવાડીના કામકાજ. શ્રી વિષ્ણુપૂજા વિશેષ રૂપે, સર્વશાંતિ પૂજા (અનિવાર્ય હોતા), હજામત, મંગળ ગ્રહ દેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું. ● આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નબળી પાચન શક્તિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિમય, બુધ-શનિ ત્રિકોણ વિચારશીલ, ગંભીર. ● ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૧૭), બુધ-શનિ ત્રિકોણ (તા. ૧૭), ચંદ્ર ક્રાંતિવૃત્તની મહત્તમ ઉત્તરે ૬ અંશના અંતરે રહે છે. ● સુદ તેરસનો ચંદ્રોદયઃ બપોરે ક. ૧૬-૪૩, સુદ તેરસનો ચંદ્રાસ્ત મધ્ય રાત્રિ પછી ક. ૦૪-૫૭ (તા. ૧૭) ● ગ્રહ ગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મિથુન, બુધ-મેષ, વક્રી ગુરુ-વૃશ્ચિક, શુક્ર-મેષ, વક્રી શનિ-ધનુ, રાહુ-મિથુન, કેતુ-ધનુ, હર્ષલ-મેષ, નેપચ્યૂન-કુંભ, વક્રી પ્લૂટો-ધનુ.

## રાશિ કહે છે...

॥ શુભમ્ ભવતુ ॥
રાજેન મહેતા
rajen.mehta@bombaysamachar.com

- મેષ (અ, લ, ઈ): તમારા કોર્ટ-કચેરીની બાબતનો ચુકાદો તમારી તરફેણમાં આવે, વિરોધીઓ હથિયાર હેઠા મૂકે, તમારી જીત થાય.
- વૃષભ (બ, વ, ઉ): તમારા સર્કલમાં તમારી અવહેલના થાય તેનું કારણ તમે પોતે જ હોવ, એકલતાનો અનુભવ થાય.
- મિથુન (ક, છ, ઘ): તમારી દ્વિધાત્મક સ્થિતિને કારણે ઘરમાં તથા વ્યક્તિની જરૂરિયાતનું પૂરતું ધ્યાન આપી ન શકો, તાણ રહે.
- કર્ક (ડ, હ): તમારું મન અહીં-તહીં ભટકતું હોય તેને એકાગ્ર કરી મહત્ત્વના કાર્યને પૂરાં કરો ને ઈચ્છિત પરિણામ મેળવો.
- સિંહ (મ, ટ): તમારા કાર્યક્ષેત્રે સહેલું લાગતું કાર્યમાં સંઘર્ષ કરવો પડે ને રૂટિન કાર્યમાં અનિયમિતતા ને બિનજરૂરી ખર્ચ થાય.
- કન્યા (પ, ઠ, ણ): તમારા કાર્યક્ષેત્રે નાણાકીય સ્થિતિ સુધરે તેવી યોજનામાં સફળતા મળે, મન પ્રસન્નતા અનુભવે.
- તુલા (ર, ત): તમારા કાર્યક્ષેત્રની સ્થિતિ ડામાડોળ બનતા ઈચ્છો કે ન ઈચ્છો પણ ખર્ચ કરવો પડે, અશાંત રહો.
- વૃશ્ચિક (ન, ય): તમારા મનમાં રહેલી દરેક અપેક્ષા પૂરી થાય, કાર્યક્ષેત્રે વૃદ્ધિ ને આકસ્મિક ધનલાભ થાય.
- ધનુ (ભ, ફ, ધ, ઢ): તમારું સામાજિક ક્ષેત્રનું યોગદાનને ધ્યાનમાં રાખી ઉચ્ચ પદ મેળવો અને ખ્યાતિ પ્રાપ્ત થાય.
- મકર (ખ, જ): તમારા કાર્યક્ષેત્રે મહેનત વધુ અને ફળ નહીંવત્ જ મળતા કંટાળો અનુભવો, સ્વાસ્થ્ય કથળે.
- કુંભ (ગ, સ, ષ, શ): તમારા જૂના હઠીલા રોગો/દર્દો ઊથલો મારે માટે સાવધાન રહેવું, અણધાર્યા ખર્ચા થાય.
- મીન (દ, ચ, ઝ, થ): તમારા કાર્યક્ષેત્રનાં વિકાસ માટે આજુબાજુનાં સ્થળોની મુલાકાત કરો તેથી કાર્યમાં ને આવકમાં વૃદ્ધિ થાય.